eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 172
December 19, 2008

## સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૧૨–૧૨–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ



સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૧૨–૧૨–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, તેમજ મા. નેતાશ્રી, શાસકપક્ષના ડો.જગદીશભાઈ પી. પટેલઅતિથિવિશેષ પદે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૧૨/૧૨/૨૦૦૮ નાં રોજ અત્રેના લાઈટ ખાતા ધ્વારા સ્ટ્રીટ લાઈટ પોલ પરથી જાહેરાતના બોર્ડ દુર કરવામાં આવેલ જે અંગેની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા ) ની કામગીરી

મોજે પૂણા–સિમાડા ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૮, બ્લોક નં. ૩૨૦ માં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્ટ્રીટ લાઈટ વિભાગની કામગીરી

કમિશનરશ્રી ની સુચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ ઝોનમાં જુદી જુદી સંસ્થાઓ ધ્વારા સ્ટ્રીટલાઈટ પોલ પર લગાડવામાં આવેલ અનઅધિકૃત બોર્ડ કાઢી જપ્ત લેવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ"

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધા તા.૧૪/૧૨/૨૦૦૮ને રવિવારના રોજ સવારે દોડ સ્પર્ધા ૬.૩૦ કલાકે અને સાયકલ સ્પર્ધા સવારે ૮.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૫.૧૨.૨૦૦૮ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૫.૧૨.૨૦૦૮ ના રોજ ચં. ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, મ્યુ. સભ્ય શ્રી કિર્તીકુમાર શાહ તથા ન.પ્રા.શિ.સમિતિના સભ્ય શ્રીમતી રશ્મિકાબેન પટેલે દીપ પ્રાગટય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત ધ્વારા વિવિધ વિભાગોમાં સપ્ટેમ્બર–૨૦૦૮ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનારા દર્દીઓની વિગત

ઓપીડી દર્દી તરીકે સારવાર લેનાર વ્યકિતઓ : ૧૦૧૦૨
દાખલ થનાર દર્દીઓ : ૮૬૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૧૨–૧૨–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ

સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૧૨–૧૨–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, તેમજ મા. નેતાશ્રી, શાસકપક્ષના ડો.જગદીશભાઈ પી. પટેલઅતિથિવિશેષ પદે સંપન્ન થઈ.



અઠવા ઝોન ખાતે અઠવા જળ વિતરણ મથક, જાની ફરસાણની પાછળ, શૃંગાર સોસાયટી પાસે, ૨૨.૫ લાખ લીટર ક્ષમતાવાળી આર. સી. સી. ઓવર હેડ ટાંકીની ઉદઘાટનવિધિ મા. અધ્યક્ષશ્રી પાણી સમિતિ, શ્રી અરવિંદભાઈ બી. ગોયાણીના વરદહસ્તે કરવામાં આવી. ટાંકીની ઉંચાઈ ૩૬.૦ મીટર (એફએસએલ), ટાંકીનો વ્યાસ ૨૩.૫ મીટર, ઉંડાઈ–૯ મીટર, શાફટનો વ્યાસ ૯.૫૦૦ મીટર, ઈનલેટ–ઓવરફલો–આઉટલેટ પાઈપ ૧૩૨૧ મી.મી., ઝીરો વેલો સીટી વાલ્વ ૧૪૦૦ મી.મી. આઉટલેટ વાલ્વ ૧૪૦૦ મી. મી. બટરફલાય વાલ્વ. પ્રોજેટકનો ખર્ચ રૂા.૧,૯૦,૦૦,૦૦૦/–, આ સુવિધા ઉપલબ્ધ થતા અઠવા, અઠવા–ઉમરા, મજુરા(પાર્ટ), ઉમરા–સાઉથ–નોર્થ, પીપલોદ વિસ્તારની અંદાજે ૩.૫૦ લાખ નાગરિકોને ફાયદો થશે.

અઠવા ઝોન ખાતે સુરત–ડુ મસ રોડ ઉપર પાર્લે પોઈન્ટ જંકશન પર ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષરશ્રી જાહેર બાંધકામ સમિતિ, શ્રી નીતિનભાઈ ડી. ભજીયાવાલાના વરદહસ્તે કરવામાં આવી. સુરત–ડુમસ રોડ પર એરપોર્ટ, મલ્ટીપ્લેક્ષ, મોલ, સુપર માર્કેટ તથા ડુમસ પીકનીક/પર્યટન સ્થળ આવેલ હોવાથી આ રોડને ગૌરવપથ તરીકે જાહેર કરેલ છે. શહેરનાં સોનેરી પીચ્છ સમાન સુરત–ડુમસ રોડ પર પાર્લે પોઈન્ટ પાસે અઠવા ગેટ અને ઘોડદોડ રોડ તરફથી ડુમસ તરફ જતા અને ઘોડદોડ રોડ પરથી પાર્લે પોઈન્ટ થઈને અઠવાગેટ તરફ જતા ટ્રાફિકના ભારણથી પાર્લે પોઈન્ટ જંકશન પર ટ્રાફિક **Conflict/Congestion** ના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાના ઉકેલ તથા સરળ, સતત સિગ્નલ ફ્રી માર્ગ મળી રહે તે માટે તેમજ સમય, બળતણનો વ્યય તથા પ્રદુષણની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે તે હેતુથી સુરત–ડુમસ રોડ પર પાર્લે પોઈન્ટ જંકશન પર ફલાય ઓવર બ્રિજ તથા ઘોડદોડ રોડ તરથી એન્ટ્રી રેમ્પનું આયોજન કરેલ છે. મુખ્ય પુલની લંબાઈ : ૯૬૯.૨૦ મી. ઘોડદોડ રોડ તરફ બ્રાંચ પુલ ૩૯૮ મી., એપ્રોચ ડુમસ તરફ ૨૧૩.૭૨ મીટર, અઠવાગેટ તરફ : ૧૧૦.૪૮ મીટર, ઘોડદોડ તરફ ૧૭૩.૦૦ મીટર, પુલની પહોળાઈ : ૭.૫૦ મીટર અપ લેન, ૭.૫૦ મીટર ડાઉન લેન, કુલ પહોળાઈ ૧૭.૧૦ મીટર, પુલનું ક્ષેત્રફળ ૧૮,૯૬૧.૩૨ ચો. મી., પ્રોજેક્ટ કોસ્ટ : રૂા.૫૯૦૦ લાખ. ૧૮ માસના ટૂંકાગાળામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.





**Continue ...**

વિયર કમ કોઝ વે સીંગણપોર તરફ કતારગામ ખાતે વોટર સ્પોટર્સ માટે ઈન્ફ્રાસ્ટ્રકચરની ખાતમુહૂર્તવિધિ મા. અધ્યક્ષશ્રી સમાજ કલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ જયોતિબેન એમ. કોઠીયા, ના વરદહસ્તે કરવામાં આવી.





વરાછા ઝોન ખાતે ડો.શ્યામાપ્રસાદ મુખરજી ઝૂ લોજીકલ ગાર્ડન, સરથાણા ખાતે ''બટર ફલાય પાર્ક'' ની ઉદઘાટનવિધિ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે કરવામાં આવી. આ બટર ફલાય પાર્કનો ૧૬,૦૦૦ ચો. મીટર નો વિસ્તાર માં આવરી લીધેલ છે. જાહેર જનતા રીક્રીએશન તથા વિવિધ જાતિના પતંગીયાની ઓળખ તથા પર્યાવરણની જાળવણી થઈ શકશે. નેટ ડોમ એરીયા ૧૭,૦૦૦ ચો. મીટર, બ્રીડીંગ એરિયા ૯૬૦ ચો. મી., વ્યુઈંગ એરિયા ૩,૦૫૦ ચો. મી., મડપોન્ડ એરીયા ૮૮.૦૦ ચો. મી., વોક વેની લંબાઈ ૩૭૧ ચો.મી., ઈન્ટર પ્રિટેશન એરીયા ,૪૪૭ ચો.મી. આ પાર્ક રૂા.૧,૪૭,૯૦,૦૦૦/– ના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ટ્રાયમીક્ષ–વોક–વે, પેરીફરીયલ નેટવર્ક–નેટ ડોમ, આંતરિક સીવીલ કામો તથા એન્ટ્રી–એકઝીટ ગેટ, વોટર ફોલ પંપ અને વિવિધ પ્રકારના ફુલછોડનું પ્લાન્ટેશનનો સમાવેશ થાય છે.

આ પ્રસંગ મા. નેતાશ્રી શાસક પક્ષ ડો. જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૧૨/૧૨/૨૦૦૮ નાં રોજ અત્રેના લાઈટ ખાતા ધ્વારા સ્ટ્રીટ લાઈટ પોલ પરથી જાહેરાતના બોર્ડ દુર કરવામાં આવેલ જે અંગેની વિગત નીચે મુજબ છે.

કતારગામ મેઈનરોડથી બાળાશ્રમ થી નગીનાવાડી, નગીનાવાડી થી કાંસાંનગર, બાળાશ્રમ થી કાસાંનગર, કાંસાનગર થી અમરોલીપુલ વિગેરે વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા સિવાય સ્ટ્રીટ લાઈટ પોલો ઉપર જુદા જુદા ખાનગી જાહેરાતના ૨૫ જેટલા અનધિકૃત બોર્ડો લગાવવામાં આવેલ હતાં જેને અત્રેથી દુર કરી અત્રેના ગાયત્રી દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે. તથા કામગીરી પેટે તેઓની પાસેથી રૂા. ૫૦૦૦/– (પાંચ હજાર રૂપિયા) વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા ) ની કામગીરી

મોજે પૂણા–સિમાડા ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૮, બ્લોક નં. ૩૨૦ માં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન.

સુરત મહાનગરપાલિકાના પર્વઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે પુણા–સીમાડા રોડ ઉપર મોજે પુણા બ્લોક નં. ૩૨૦ માં દેવીકૃપા સોસાયટી વિભાગ –૨ માં આર.સી.સી. કોલમ, સ્લેબ ચણતર સહિત નું આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ જે તા. ૧૧/૧૨/૨૦૦૮ ના રોજ દુર કરવામાં આવેલ છે. જે પૈકી બાકી રહેલ બાંધકામ માલિક ધ્વારા સ્વૈચ્છિક રીતે ગેરકાયદેસર બાંધકામ દૂર કરનાર છે.

નાના વરાછા વિસ્તારમાં રીઝર્વેશન પ્લોટમાંથી ઝુંપડા દૂર કર્યા તેમજ મોજે પુણામાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન.

(૧) સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા)માં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા)માં પરમસુખ ગુરૂકુળ પાસે રીઝર્વેશન પ્લોટ નં. આર/૧૮ કોમ્યુનીટી સેનટરનાં હેતુ માટે રીઝર્વેશન હેઠળ સુચિત થયેલ છે. આ પ્લોટમાં આશરે ૧૦ (દસ) જેટલાં ઝુંપડાનું દબાણ હતું. જે પૂર્વઝોન (વરાછા)ના દબાણ ખાતાનાં સ્ટાફની મદદથી દૂર કરવામાં આવેલ છે.

(૨) સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) માં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે પુણા ડ્રા.ટી.પી. નં. ૧૨ (પુણ) બ્લોક નં. ૬૬૫ માં આવેલ સિધ્ધેશ્વર સોસાયટીનાં સબ પ્લોટ નં. ૧૪૨ માં ત્રીજામાળનું આશરે ૧૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતર બીમ કોલમ સહિતનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા. ૧૭/૧૨/૨૦૦૮ ના રોજ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૩૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૧૨(પુણા) બ્લોક નં. ૬૫ માં આવેલ વિધાતાનગર સોસાયટીના સબ પ્લોટ ૧૧ થી ૧૮ ની પાછળના ભાગમાં માજીનવાળા ભાગમાં આશરે ૫૩૦ ચો.ફુટ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા. ૧૭/૧૨/૨૦૦૮ ના રોજ દુર કરવામાં આવેલ છે.

(૪) ડ્રા. ટી.પી. નં. ૬૦ (પુણા) બ્લોકનં. ૨૬૧ માં આવેલ વૃદાવન સોસાયટી હાઈટેન્શન લાઈનના માર્જીનમાં કરવામાં આવેલ આશરે ૪૫૦ ચો.ફુટ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા. ૧૭/૧૨/૨૦૦૮નાં રોજ દુર કરવામાં આવેલ છે.

TOP

## સ્ટ્રીટ લાઈટ વિભાગની કામગીરી

કમિશનરશ્રી ની સુચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ ઝોનમાં જુદી જુદી સંસ્થાઓ ધ્વારા સ્ટ્રીટલાઈટ પોલ પર લગાડવામાં આવેલ અનઅધિકૃત બોર્ડ કાઢી જપ્ત લેવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. જે પૈકી રાંદેરઝોનમાં ૪૨૨, અઠવાઝોનમાં ૪૪૩, કતારગામ ઝોનમાં ૨૨૨, વરાછાઝોનમાં ૨૮૬, સેન્ટ્રલઝોનમાં ૨૨૫, લીંબાયતઝોનમાં ૧૨૪, ઉધનાઝોનમાં ૧૧૭, એમ કુલ્લે–૧૭૪૦ બોર્ડ કાઢી જપ્ત લેવામાં આવ્યાં તથા વહીવટી ચાર્જ પેટે કુલ્લે રૂા. ૬૮૩૦૦/– વસુલ કરવામાં આવ્યો.

TOP

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ"



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધા તા.૧૪/૧૨/૨૦૦૮ને રવિવારના રોજ સવારે દોડ સ્પર્ધા ૬.૩૦ કલાકે અને સાયકલ સ્પર્ધા સવારે ૮.૦૦ કલાકે નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન પાસે, મોરાભાગળ, સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વય ગ્રુપ મળી કુલ ૮(આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. દોડ સ્પર્ધાના–૮૨ સ્પર્ધકો તથા સાયકલ સ્પર્ધાના–૭૬ સ્પર્ધકો મળી કુલ– ૧૫૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆત સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, મ્યુ. સદ્સ્યશ્રી કુ.પારૂલબેન ભારતી, શ્રી કિર્તીકુમાર શાહ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ, શ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલાએ લીલી ઝંડી ફરકાવી કરાવી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નીવડયા હતા.

**દોડ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| **પ્રથમ** | રાજ અશોકભાઈ કહાર | સેલર કરણ ધર્મેન્દ્રભાઈ | ચૌધરી પાયલ કશાભાઈ | રેતીવાલા પલ્લવી એ. |
| **દ્વિતિય** | કેવડિયા ઉર્વિશ હિંમતભાઈ | શેખ અ.સલમાન અ.સલામ | ભટ્ટ વિદુષી ધનંજયભાઈ | શાહ ઝીલ દક્ષય |
| **તૃતિય** | પાનશેરિયા પાર્થ વલ્લભભાઈ | રાવલ સ્મિત કનુભાઈ | સારંગ શિવાની અક્ષયકુમાર | ગાંધી ચાર્મી મનિષ |

**સાયકલ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| **પ્રથમ** | રાજ અશોકભાઈ કહાર | શેહબાઝ મો.અલતાફ શેખ | ભટ્ટ વૈભવી ધનંજય | રેતીવાલા પલ્લવી એ. |
| **દ્વિતિય** | રાંદેરિયા મીત નિરદભાઈ | સેલર કરણ ધર્મેન્દ્રભાઈ | ક્ષત્રિય મનવી ધર્મેશભાઈ | શાહ ઝીલ દક્ષય |
| **તૃતિય** | ભાટિયા રીતિક કિશનભાઈ | ઈચ્છાપોરિયા જલધીશ ધ્રુકેશ | પટેલ દિવ્યાની ભરતભાઈ | ગાંધી ચાર્મી મનિષ |

આ સ્પર્ધાના ૧ થી૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્રો સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, મ્યુ. સદ્સ્યશ્રી કુ. પારૂલબેન ભારતી, શ્રી કિર્તીકુમાર શાહ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ, શ્રી કનૈયાભાઈ છત્રપતિના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા તરફથી લ્હાણી, પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, હરિઃૐ આશ્રમ તરફથી પુસ્તીકા અને સ્મૃતિભેટ તથા આ સ્પર્ધાના પ્રણેતા મુ. શ્રી જશવંતભાઈ પચ્ચીગર તરફથી નોટબુક અને બોલપેન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મેડીકલ ઓફિસર સહિતની મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

## તા.૧૫.૧૨.૨૦૦૮ના રોજ  સુરત મહાનગરપાલિકા દ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા લગ્નગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૫.૧૨.૨૦૦૮ ના રોજ ચં. ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, મ્યુ. સભ્ય શ્રી કિર્તીકુમાર શાહ તથા ન.પ્રા.શિ.સમિતિના સભ્ય શ્રીમતી રશ્મિકાબેન પટેલે દીપ પ્રાગટય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં માધ્યમિક અને ખુલ્લા વિભાગ મળી કુલ ૨૩ જેટલી શાળા–સંસ્થાઓએ ભાગ લઈ સુંદર રજુઆત કરી હતી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.



| વિજેતા ક્રમ | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|
| પ્રથમ | શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાલય | સપ્તધ્વનિ કલાવૃંદ |
| દ્વિતીય | અંબાબા હરિપુરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કૂલ | શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાભવન |
| તૃતીય | લોકભારતી વિદ્યાલય | ગાંધીઘર મહિલા મંડળ |
| આશ્વાસન | ૧) શ્રી આર.બી.ઘામી વિદ્યાલય<br>૨) શ્રીમતી ક.લ.શ.ખાંડવાલા સાર્વ. હાઈસ્કૂલ. | |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, સભ્યશ્રી કુ.પારૂલબેન ભારતી તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી નિલેશભાઈ એમ.પટેલ અને શ્રી શૈલેષભાઈ એલ.પટેલે સેવા આપી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત દ્વારા વિવિધ વિભાગોમાં સપ્ટેમ્બર–૨૦૦૮ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનારા દર્દીઓની વિગત

- **ઓપીડી દર્દી તરીકે સારવાર લેનાર વ્યકિતઓ : ૧૦૧૦૨**
- **દાખલ થનાર દર્દીઓ : ૮૬૪**
- **આઈ.સી.સી.યુ વિભાગમાં સારવાર લેનાર દર્દીઓ : ૬૭**
- **લેબોરેટરીમાં આવેલ વિવિધ ટેસ્ટ માટેના દર્દીઓ : ૧૨૨૩૨**
- **એક્ષ–રે વિભાગના દર્દીઓ : ૭૬૭**
- **દાંત વિભાગના દર્દીઓ : ૬૭૮**
- **ડેન્ટલ સર્જીકલ પ્રોસીજર : ૧૧૫ દર્દીઓને**
- **ડોગ બાઈટના કેસો :૬૬૭**

TOP